Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત ૮૯ (ચાલુ) વીર સં. ૨૫૧૦
વિક્રમ સંવત ૨૦૪૦ અષાઢ

## શ્રી અરનાથ સ્વામીનું સ્તવન

લેખક : ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી

શ્રી અરજિન ભવજલનો તારૂ,
મુજ મન લાગે વારૂ રે. મનમોહન સ્વામી!
બાંહ્ય ગ્રહી ભવિજનને તારે, આણે શિરપુર આરે રે મન૦ (૧)

તપ જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માન રે મનમોહન,
પણ નવિ ભય મુજ હાથો હાથે, તારે છે તે સાથે રે મન૦ (૨)

ભક્તને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફળ દેઇ રે મનમોહન.
કાયા કષ્ટ વિના ફળ લહીએ, મનમાં ધ્યાન ધરેઇ રે મન૦ (૩)

જે ઉપાય બહુવિધની રચના, યોગમાયા તે જાણો રે, મનમોહન;
શુદ્ધ દ્રવ્ય–ગુણ પરયાય ધ્યાને, શિવ દીએ પ્રભુ સપરાણો રે (૪)

પ્રભુપથ વળગ્યા તે રહ્યા તાજા, અળગા અંગ ન સામરે, મનમોહન;
વાચક યશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે. (૫)

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૮૧ ]  જુલાઇ : ૧૯૮૪  [ અંક : ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | ૫૦પૂ૦ તીર્થંકર ભગવાન સંભવનાથનું સ્તવન | આનંદઘનજી મહારાજ સાહેબ | ૧૨૯ |
| (૨) | ઉપદેશક બનને કી યોગ્યતા | — | ૧૩૧ |
| (૩) | પરમ યોગી ચિદાનંદજી | રાયચંદ મગનલાલ શાહ | ૧૩૩ |
| (૪) | જીવનો ભોમિયો કોણ ? | શાસ્ત્રી રમેશ લાલજી ગાલા | ૧૩૬ |
| (૫) | આત્મ સાધના | રતિલાલ માણેકચંદ શાહ | ૧૩૭ |
| (૬) | સુર સુંદરી | પૂ૦ મુનિરાજશ્રી દાનવિજયજી મ.સા. | ૧૪૦ |
| (૭) | આપ જાણો છો | — | ૧૪૨ |
| (૮) | પ્રભુ તુજ શાસન અતિ ભલુ | પૂ૦ ગણિવર્યશ્રી દાનવિજયજી મ. સા. | ૧૪૩ |


આ સભાના નવા માનવંતા પેટ્રન મહાશયો

## (૧) શ્રી ખાન્તીલાલ જયંતિલાલ વોરા–મુંબઇ

## (૨) શ્રી નવિનચંદ્ર રાયચંદ સંઘવી–મુંબઇ

# ભાવનગરને આંગણે

## નૂતન જૈન ઉપાશ્રયમાં પૂજ્ય ગણિવર્યશ્રી દાનવિજયજી મહારાજ સાહેબનું ચાતુર્માસ

પરમ પૂજ્ય ગણિવર્યશ્રી દાનવિજયજી મ. સાહેબ, મુનિશ્રી જિનચંદ્રવિજયજી મ. મુનિશ્રી વિદ્યાધરવિજયજી મ. આદિએ નૂતન ઉપાશ્રયે પરમ પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયમેરૂપ્રભસૂરિશ્વરજી મ. સાહેબે ફરમાવેલ મુહૂર્ત અનુસાર અત્રે જેષ્ઠ વદ ૧૧ના રોજ ચાતુર્માસ પ્રવેશ કરેલ છે. અને ચાતુર્માસ દરમ્યાન દરરોજ વ્યાખ્યાનમાં શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ ગ્રન્થ તથા ભાવનાધિકારે શ્રી ધન્યકુમાર ચરિત્રના વાંચનનો પ્રારંભ કર્યો છે. આષાડ વદ ૨ થી પ્રારંભ થયેલ આ સૂત્ર-ચરિત્રમાં અલૌકિક ભાવો ભરેલા છે. જે સાંભળનાર શ્રોતાઓને ઘણું ઘણું અવનવું આધ્યાત્મિક ભર્યું વૃતાંત જાણવા મળશે. તેમજ દર રવિવારે પૂજ્ય ગણિવર્યશ્રી દાનવિજયજી મ. સવારે ૬–૩૦ વાગે શ્રી ભક્તામર સ્તોત્ર સાથે સંભળાવે છે. તથા દર રવિવારે બપોરે ૩–૩૦ વાગે વિવિધ વિષયો પર જાહેર પ્રવચનો આપે છે. તો સકળ શ્રીસંઘને લાભ લેવા વિનંતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભાના નવા માનવંતા પેટ્રન મહાશય

# વોરા ખાંતિલાલ જેન્તીલાલની જીવન ઝરમર

સેવાના અનેક ક્ષેત્રોમાં મૂક સેવક તરીકે સેવા કરનાર શ્રી ખાંતિભાઇ વોરાનો જન્મ સંવત ૧૯૮૩ના જેઠ વદી ૫ પંચમિના પવિત્ર દિવસે ભાવનગરમાં થયો હતો. ભાવનગરમાં વોરા કુટુંબ ઘણું વિશાળ છે. એવુંજ ખાનદાન અને શ્રીસંઘમાં, નાતમાં, સમાજમાં સદાય મોખરાનું સ્થાન ધરાવે છે. આ કુટુંબમાં વોરા અમરચંદ જસરાજ, વોરા પરમાણંદ તારાચંદ, વોરા જુઠાભાઈ સાંકળચંદ, વોરા ખાંતિલાલ અમરચંદ જેવા અનેક અગ્રેસર આગેવાનોએ ભાવનગરના સંઘની કીર્તિ જૈન આલમમાં વધારી છે. શાસન સેવા, સાધુ–સાધ્વીની વૈયાવચ્ચ, દેરાસરો, ઉપાશ્રયો, પાઠશાળા વિગરે અનેક ધાર્મિક સ્થાનોમાં આગળ પડતો ભાગ લીધો છે. વેપારના ક્ષેત્રેપણ તેઓ આગળ રહ્યા છે.

શ્રી જેન્તીભાઇ પિતાશ્રી અને માતુશ્રી અ. સૌ. કંચનબેનને ત્યાં શ્રી ખાંતિભાઇનો જન્મ થયો હતો. એટલે બાળપણથીજ ખાનદાનીના અને સુસંસ્કારનો વારસો જન્મથીજ મળ્યો હતો, બાલ્યાવસ્થાથી જ અભ્યાસમાં તેજસ્વી વિદ્યાર્થી તરીકે સ્કુલમાં એમનું સ્થાન રહેતું, બાલ મિત્રો સાથેનો એમનો આનંદી અને મિલનસાર સ્વભાવ, ઉદારતાને લીધે મિત્રોનો સારો પ્રેમ સંપાદન કરેલ. એ જમાનામાં વેપારીના દીકરા થોડો અભ્યાસ કરી પોતાની દુકાનમાં બેસી જતા, એમ ખાંતિલાલ પણ મેટ્રીક સુધી અભ્યાસ કરી દુકાનમાં વેપારમાં જોડાઇ ગયા. અને બાપ દાદાના ધંધાને વિકસાવ્યો. અને વધુ વિકાસ અર્થે મુંબઇ આવ્યા. તેઓ ભાવનગરના નામાંકીત વેપારી આગેવાન શ્રી મણીલાલ દુર્લભજીની સુપુત્રી અ. સૌ. બેન ઉષાબેનની સાથે લગ્નગ્રંથીથી જોડાયા છે. ઉષાબેનનું ડહાપણ, શાણપણ, અને ગંભીરતા જેવા ગુણો અને તેની સલાહ સૂચના શ્રી શ્રી ખાંતિભાઈના જીવનમાં માર્ગદર્શક રહ્યા છે. મુંબઇમાં શ્રી ખાંતિભાઈ ઉદ્યોગપતિ બન્યા અને ટુંક સમયમાંજ "વોરા સિલ્ક મીલ્સ"ની સ્થાપના કરી વેપારી આલમમાં સારી નામના મેળવી. એમને બે પુત્રો ભાઈ જયેન્દ્ર તથા જયેશ છે જે અત્યારે મીલનો સઘળો કારભાર ચલાવે છે અને પુત્રીમાં એક પુત્રી છે જેનું નામ પ્રતિભાબેન છે.

શ્રી ખાંતિભાઇની જાહેર સેવા ઘણી છે તેમ છતાં તેઓ હંમેશા પ્રસિદ્ધિથી દૂર ભાગે છે. શ્રી ઘોઘારી જ્ઞાતિ મુંબઇના માજી મંત્રી, શ્રી ઘોઘારી મિત્ર મંડળના ઉપ–પ્રમુખ, શ્રી ગોડીજી દેરાસર જિર્ણોદ્ધાર સમિતિમાં સભ્ય ઇત્યાદિ અનેક સંસ્થામાં સેવા આપી રહ્યા છે. સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રવૃત્તિમાં સારો ભાગ લે છે. પ.પૂ. આ. મહારાજશ્રી મેરૂપ્રભસૂરિજીના તેઓ પરમ ભક્ત છે. ધાર્મિક કાર્યોમાં સારો રસ લે છે અને હાલમાં પૂ૦ આચાર્ય ભગવંતની પ્રેરણાથી ભાવનગરમાં વિદ્યાનગર જૈન દેરાસરજીમાં દેવાધિદેવ શ્રી જિનેશ્વર ભગવંત શ્રી ચંદ્રપ્રભસ્વામિની પ્રતિમાજીને બીરાજમાન કર્યા છે. મુંબઈની ઘોઘારી મિત્ર મંડળના યાત્રા પ્રવાસો વિગેરે કાર્યોમાં સારો રસ ધરાવી તન મન અને ધનથી સેવા આપે છે. આવા એક સજ્જને શ્રી આત્માનંદ સભાનું પેટ્રન પદ સ્વિકારવાથી સભા ગૌરવ અનુભવે છે.

—રાયચંદ મગનલાલ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત

વર્ષ : ૮૧ ] વિ. સં. ૨૦૪૦ અષાઢ : જુલાઈ-૧૯૮૪ [ અંક : ૯


## —પરમ પૂજ્ય તીર્થંકર ભગવાન સંભવનાથનું સ્તવન—

લે. **આનંદઘનજી મહારાજ સાહેબ**

સંભવદેવ તે ધુર સેવો સવેરે લહી પ્રભુ સેવન-ભેદ,
સેવન કારણ પહેલી ભૂમિકારે અભય-અદ્વેષ-અખેદ. (૧)

સેવા કરવા માટે વ્યક્તિએ ગુણાત્મક યોગ્યતા પ્રાપ્ત કરવી જોઈએ. પરમાત્માની સેવા કરનારમાં ત્રણ ગુણ જોઈએ— અભય, અદ્વેષ અને અખેદ. આત્મ વિકાસની આ પ્રથમ ભૂમિકા છે.

ભય ચંચલતા હો જે પરિણામનીરે, દ્વેષ-અરોચક ભાવ,
ખેદ-પ્રવૃત્તિ હો, કરતાં થાકીયેરે દોષ-અબોધ લખાવ. (૨)

વિચારોની ચચલતાને ભય કહે છે. પરિણામ કહો, અધ્યવસાય કહો, મનોભાવ કહો, અથવા વિચાર કહો-એક જ છે. જ્યારે તે ચંચલ બને છે ત્યારે ભયના ભૂત નાચવા લાગે છે. મનમાં શંકા-સંશય પેદા થાય છે. તેથી મન ચંચળ બને છે.

ઇષ્ટને વિયોગનો ભય. અનિષ્ટને સંયોગનો ભય આ બે ભયથી મનુષ્યના ભાવ પ્રાણોનો નાશ થાય છે. જ્યાંસુધી આપણે જીવદ્વેષ અને જડપ્રેમી બનતા રહેશું ત્યાંસુધી ભયથી મુક્ત નહિ થવાય પ્રભુ-પૂજકને જીવદ્વેષ અને જડપ્રેમથી મુક્ત બનવું જોઇએ. ત્યારે જ તે અભય બને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરમાત્માના ચરણોમાં પહોંચવું હોય તો અભય બનવું પડે. દ્વેષ-એટલે અરૂચિ. મોક્ષ પ્રત્યે અરૂચિ અને જીવો પ્રત્યે અરૂચિ. મોક્ષ પ્રત્યે રૂચિ ન હોય તો ચાલે પણ દ્વેષ તો ન જ જોઈએ, કેમકે જિનની સેવા કરવી છે તો જિનનું જ્યાં સ્થાન છે તેના પ્રત્યે દ્વેષ કેમ ચાલી શકે? પરમાત્માએ જેમના તરફ અનન્ત કરુણા વહાવી છે તે જીવન રાશિ તરફ દ્વેષ હોવો જોઇએ નહિ.

ધાર્મિક પ્રવૃત્તિ કરતાં કરતાં થાકી જવું, ઉઠી જવું તેને ખેદ કહે છે. પરમાત્મા પ્રત્યે પ્રીતિ થતાં, તેમની સેવા કરવા માટે તત્પર બનવામાં થકાન જોઇએ નહિ. પરમાત્માએ બતાવેલ ધર્મ અનુષ્ઠાન થાકયા સિવાય કરતા રહેવું જોઇએ.

પરમાત્માની સેવા કરવા માટે અભય, અદ્વેષ, અખેદ આવ્યા બાદ, 'અબોધ' નામનો દોષ દૂર થાય છે.

અબોધ-એટલે અજ્ઞાનતા-એટલે મિથ્યાત્વ. મિથ્યાત્વ ભવબીજ છે. અનાદિ સંસાર ભ્રમણનું મૂળ છે.

આ 'અબોધતા' સાચા પરમાત્મ સ્વરૂપનું જ્ઞાન થવા દેતી નથી. સદ્‌ગુરુની પીછાણ પણ થવા દે નહિ. સદ્‌ધર્મ પ્રત્યે શ્રદ્ધાવાન બનવા દેતી નથી.

તે કઈ રીતે દૂર થાય તેની શાસ્ત્રીય પ્રક્રિયા બતાવતાં આનન્દઘનજી મ. સા. કહે છે :

> ચરમા વર્તે હો ચરમ-કરણ તથારે, ભવપરિણતિ પરિપાક,
> દોષ ટલે વલી દૃષ્ટિ ખીલે ભલીરે પ્રાપ્તિ પ્રવચન-વાક્. (૩)

'ચરમાવર્ત', શબ્દ સમયના વિષયમાં છે. 'ચરમ-કરણ' આત્માની આધ્યાત્મિક પ્રક્રિયાને સૂચક શબ્દ છે 'ભવપરિણતિ પરિપાક' તે આત્માની એક વિશિષ્ટ અવસ્થાનો દ્યોતક શબ્દ છે. જીવાત્મા 'ચરમાવર્ત કાલ' પ્રવેશ કરે છે ત્યારે તેનામાં ત્રણ ગુણ પ્રકટ થાય છે-દુઃખી જીવો પ્રત્યે અત્યંત દયા, ગુણવાન પુરૂષો પ્રત્યે અદ્વેષ અને ઉચિત કર્તવ્યોનું પાલન. જેમ જેમ આ ગુણો વિકાસ પામે, તેમ તેમ આત્મશક્તિ વિકસે છે.

"યથા પ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ"—થાય છે. આ પ્રક્રિયાથી મિથ્યાત્વનો નાશ થાય છે.

( ચાલુ )

'અરિહંત'ના સૌજન્યથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપદેશક બનને કી યોગ્યતા

ભગવાન બુદ્ધ પાસે એક શ્રીમંત યુવાને કહ્યું, "ભગવન્ ! મારી ઈચ્છા જગતની સેવા કરવાની છે. આપ ફાવે તે સ્થળે મોકલો. ત્યાં જઈને લોકોને ધર્મનો ઉપદેશ આપીશ.

બુદ્ધ ભગવાન યુવાન અંકમાલને ઓળખતા હતા. તેમણે કહ્યું, "અંકમાલ ! આપતાં પહેલાં આપણી પાસે આપવાનું કંઈક છે કે નહિ–તે જાણવું જોઈએ. પ્રથમ પોતાની યોગ્યતા વધારો. પછી જગતને ઉપદેશ આપવાનો છે."

અંકમાલે બુદ્ધ ભગવાનને વંદના કરી અને રવાના થયો. તેણે ૧૦ વર્ષ સુધી કઠોર પરિશ્રમ કરી કળાઓ પ્રાપ્ત કરી. સારા યે મગધમાં કલા વિશારદ તરીકે ખ્યાતિ પામ્યો. તેનું મન માન–સન્માન અને અભિમાનથી ભરાઈ ગયું. માન–સન્માન મળતાં જે અભિમાની ન બને તે સંત બને. અંકમાલ શ્રી ગૌતમ પાસે ગયો, વંદના કરી અને કહ્યું, "હવે હું સંસારમાં દરેક મનુષ્યને કંઇ ને કંઈ આપી શકું તેમ છું. હું ૨૪ કલામાં પારંગત છું."

ગૌતમ બુદ્ધના મુખમંડળ પર હાસ્ય ફરક્યું. તેમણે કહ્યુ, "અંકમાલ ! હજી તો તું કળાઓ શીખીને આવ્યો છે. પરીક્ષા દેવાની બાકી છે, પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ અભિમાન—!

"પ્રભુ ! અવશ્ય હું પરીક્ષામાં ઉત્તીર્ણ થઈશ." આ પ્રમાણે કહી પોતાના નિવાસસ્થાને ગયો.

બીજે દિવસે બુદ્ધે એક શિષ્યને વેષ પરિવર્તન કરાવી અંકમાલ પાસે મોકલ્યો. તેણે અંકમાલને અકારણ જ કટુ શબ્દો સંભળાવ્યા. તેનું અપમાન કર્યું, અંકમાલ ક્રોધથી તેને મારવા દોડયો, તે શિષ્ય હસીને બુદ્ધ પાસે આવ્યો અને સર્વ ઘટનાનું નિવેદન કર્યું.

તેજ દિવસે બુદ્ધે બપોર પછી બે શિષ્યોને વેષ પરિવર્તન કરાવી અંકમાલ પાસે મોકલ્યા. તેઓએ અંકમાલ પાસે આવીને કહ્યું, "અમે સમ્રાટ હર્ષના અનુચર છીએ. સમ્રાટ આપને મંત્રીપદ આપવા ઇચ્છે છે. આપનો જવાબ લેવા અમને મોકલ્યા છે. શું આપ મંત્રીપદ સ્વીકારશો ? આપની ખ્યાતિ સાંભળીને સમ્રાટ પ્રભાવિત થયા છે."

મંત્રીપદની વાત સાંભળી, અંકમાલ આશ્ચર્ય પામ્યો અને આનંદથી સ્તબ્ધ બન્યો. સત્તાના પ્રલોભને તેને ગળેથી પકડયો. સ્વીકૃતિ આપતા કહ્યું, "જરૂર – જરૂર – હું સમ્રાટની ઈચ્છાને માન આપું છું આપ જ્યારે કહો ત્યારે—

અંકમાલને બોલતો રાખી, બન્ને જણ એક બીજા તરફ હસીને ત્યાંથી ચાલ્યા ગયા. અંકમાલને કશી સમજણ ન પડી.

સાંજના બુદ્ધ પોતેજ અંકમાલ પાસે પહોંચ્યા તેમની સાથે તેમની શિષ્યા આમ્રપાલી હતી.

અંકમાલે પ્રેમપૂર્વક તેમનું સ્વાગત કર્યું બુદ્ધ એક કાષ્ઠના આસન પર બેઠા, થોડે દૂર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આમ્રપાલી બેઠી. અંકમાલ બુદ્ધ સાથે વાતો કરવા લાગ્યો, પરંતુ વારંવાર આમ્રપાલી તરફ જોતો રહેતો. આમ્રપાલીના અદ્દભુત રૂપે અંકમાલને મોહિત કર્યો હતો.

બુદ્ધ આમ્રપાલી સાથે આશ્રમમાં પાછા ફર્યા. બીજે દિવસે અંકમાલ બુદ્ધ પાસે ગયો. બુદ્ધે અંકમાલને પૂછ્યું, "વત્સ! શું તે ક્રોધ, લોભ અને કામ પર વિજય મેળવવાની કળા પ્રાપ્ત કરી છે?"

અંકમાલ સ્તબ્ધ બની ગયો. તેના મનમાં દરેક ઘટના ઉભરી આવી. તે શરમાઈ ગયો. અને તેજ દિવસથી આત્મકલ્યાણની આરાધનામાં રત બની ગયો.

ધર્મોપદેશક ક્રોધ વિજેતા, લોભ વિજેતા અને કામ વિજેતા હોવા જોઈએ. ધર્મોપદેશ સંયમી હોવા જોઈએ. તેનું લક્ષ્ય સંસારી જીવોને સંયમી બનાવવાનું હોવું જોઈએ, અંતર શત્રુઓ ઉપર વિજય મેળવ્યા સિવાય કદી પણ આત્મ-કલ્યાણ થઇ શકતું નથી, કદી પણ આત્મશુદ્ધિ થઈ શકતી નથી, એટલા માટે જ આપણા આરાધ્યદેવ 'જિન છે, 'જિન'નો અર્થ વિજેતા. આપણે પણ કોઈ એક દિવસે 'જિન' બનવાનું છે.

"અરિહંત"ના સૌજન્યથી


# પ્રગટ થઈ ચૂકેલ છે

**સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ લો** તથા **શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ જો** જેની મર્યાદીત નકલો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી છે. અને તે બન્ને ભાગો મૂળ કીંમતે આપવાના છે.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ લો** (પૃષ્ઠ સંખ્યા-૨૨૪) કીંમત રૂપિયા પંદર.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ જો** (પૃષ્ઠ સંખ્યા-૪૪૦) કીંમત રૂપિયા પાંત્રીશ.

—: સ્થળ :—

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : ભાવનગર : (સૌરાષ્ટ્ર)

**તા. ક. :** બહારગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ અલગ આપવાનો રહેશે.


## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઈ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.

તંત્રી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમ યોગી ચિદાનંદજી

લેખક : રાયચંદ મગનલાલ શાહ

જૈન ધર્મીઓ સંખ્યામાં ભલે નાની સંખ્યામાં હોય તેમ છતાં ઘણી ઘણી બાબતોમાં શ્રેષ્ઠ સ્થાન ધરાવે છે. શરીરમાં ઘણા અંગોપાંગ છે તેમાં મસ્તક શ્રેષ્ઠ અને ઉચ્ચ સ્થાન ધરાવે છે. પાંચેય ઇન્દ્રિયોનો સમુહ મસ્તકમાં વિદ્યમાન છે. સર્વ ધર્મના સારભૂત એવો અનેકાંતવાદ જેવો સિદ્ધાંત જો કોઇએ દર્શાવ્યો હોય તો માત્ર જૈન ધર્મે જ. વિશ્વના સર્વ જીવોના કલ્યાણની પૂર્ણ સુખની ભાવના ધરાવનાર એકમાત્ર જૈન ધર્મ જ છે. આત્માને પરમાત્મા, જીવ ને શિવ અને માનવમાંથી મોક્ષ પ્રાપ્ત કરવાનો માર્ગ જૈન ધર્મેજ બતાવ્યો છે. નર નારીના ઊંચ નીચના ભેદભાવ ન રાખતા સૌને સહુ જીવોને સમાન અધિકાર આ ધર્મે આપ્યો છે. જૈન ધર્મ એટલે આત્માનોજ ધર્મ છે, આત્માનું સુખ પ્રાપ્ત કરવા, પૂર્ણ સુખ કે જે સુખ અનંત અક્ષય સુખ, અજરામર સુખ, મોક્ષસુખ મેળવવાનો માર્ગ અનંત ઉપરકારી એવા તીર્થંકર ભગવંતોએ વિશ્વના જીવોના કલ્યાણ માટે બતાવ્યો. દસ પૂર્વધર એવા પરમગીતાર્થ ઉમાસ્વાતી ગુરૂભગવંતે તત્ત્વાર્થ સૂત્રમાં પ્રથમજ બતાવ્યું કે "સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણી મોક્ષમાર્ગઃ ।।" સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ ચારિત્ર એજ મોક્ષ પ્રાપ્ત કરવાનો સાચો રસ્તો છે.

વર્તમાન કાળમાં દર્શન શુદ્ધિ માટેના પ્રયત્નોમાં જૈનો ઠીક ઠીક એવો લાભ લેતા જણાય છે. પરંતુ તુલનાત્મક દૃષ્ટિએ વિચારતાં સમ્યગ્ જ્ઞાનની આરાધનામાં ઘણાજ પાછળ પડી ગયા છીએ.

ગુજરાતી ભાષાજેવી કોઇ ભાષા જ્યારે જગતમાં વિદ્યમાન ન હતી એવા સમયે જૈન ધર્મના સાધુઓએ ગુજરાતી ભાષાને જન્મ આપ્યો. જગતમાં અજોડમાં અજોડ ક્રાંતીકારી કલ્યાણકારી નુતન કાર્યનો પ્રારંભ આથી વધારે બીજો શું હોઈ શકે ? જૈનો માટે આ પ્રસંગ મહાનમાં મહાન ગૌરવંતો છે. આવોજ પ્રસંગ જો કોઇ અન્ય ધર્મમાં બન્યો હોત તો આખી દુનીઆમાં ઢોલ પીટાવત પણ જૈનો વેપારી કોમ બની વેપાર ધંધામાં પડયા. સરસ્વતીને બાજુ પર મૂકી લક્ષ્મીદેવીના મોહમાં અંજાયા. લક્ષ્મીની પાછળ પડયા ને સરસ્વતીને વિસારી દીધી અગરતો એની ઉપેક્ષા કરી. એટલે એને કોણ બીરદાવે ?

જો કે ભૂતકાળના જ્ઞાન ભંડારો અને સાહિત્યના જૈનો મહાન વારસદાર હજુ છે. ગમે એટલું નષ્ટ થવા છતાં હજુ ઘણું સાચવી રાખ્યું છે. એટલા પૂરતો ધન્યવાદ લાખો લાખો આપીએ તો પણ ઓછા છે. પરંતુ તેનો યશ ખરી રીતે માત્ર સાધુ સંતો ત્યાગીઓનેજ ફાળે જાય છે. અને વર્તમાન કાળમાં સ્વાધ્યાયનો અને એ જ્ઞાનનો ઈજારો માત્ર સાધુ સંતોને આપી શ્રાવકો સંસારીઓ જાણે કે જ્ઞાન પ્રાપ્તિથી અલિપ્ત દશામાં રહે છે. એમાં એ જે જૈન ધર્મની પવિત્ર ખૂદ તીર્થંકર ભગવંતે પ્રરૂપેલી એવી સર્વોત્તમ ભાષા પ્રાકૃત ઉર્ફે માગધી ભાષાનું સમુળગુ વિસર્જન કરી નાંખ્યું છે. મૂળ પાયાની જુની ગુજરાતી ભાષા ઉકેલનારા કે એનું વાચન કરનારાના દુકાળ પડયા છે. આખા દેશમા જૈન ધર્મના સંસારીક પંડીતોને ગોતવા હોય તો કોઈ ભાગ્યશાળી આંગળીના ટેરવે ગણી શકાય એટલા માંડમાંડ મળે. એટલું સદ્‌ભાગ્ય છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાસનનું પુણ્ય ઘણું તપે છે કે અમારા પૂજ્ય ગુરૂભગવંતો સાધુ–સાધ્વી આદિ ત્યાગી વર્ગએ આ કામ બહુજ સુંદર રીતે અપનાવી લીધું છે. એમની જ્ઞાનપિપાસી અંતરને આનંદ સાથે પ્રફુલ્લિત કરે છે તે માટે કોટી કોટી વંદન.

જુની ગુજરાતી ભાષા માટે અત્યારે પ. પૂ. આચાર્યશ્રી ભુવનરત્ન સૂરિશ્વરજી મ. સા. ખૂબ ઉંડો અભ્યાસ અને જ્ઞાન ધરાવે છે. એમને ખૂબ રસ છે, તાલાવેલી છે, તમન્ના છે, અવાજ અને કંઠ મધુર છે. વ્યાખ્યાનમાં પ્રાચીન ગુર્જર ગીરા ભાષામાં એવો તો રંગ જમાવે છે કે શ્રોતાવર્ગ એક ચિત્તે સાંભળવામાં મુગ્ધ બની જાય છે. બાકી તો મોટા ભાગે આપણું પ્રાચીન સાહિત્ય પુસ્તકો રૂપે, પ્રતો રૂપે માત્ર કબાટોમાં કયાંય સચવાય છે, કયાંય અટવાય છે, તો કયાંય ઉધઈ ખાય છે, કોઈ એકાદ પાનુ ફેરવવાવાળા પણ મળતા નથી–એટલો અફસોસ છે.

આવીજ એક વાતની પ્રાહી આપું કે હજુ દોઢસો વરસ પહેલાજ એક મહાન યોગી અદ્ભૂત જ્ઞાની મહાત્મા પૂજ્ય મુનિરાજશ્રી કર્પુરવિજયજી ઉર્ફે ચિદાનંદજી મહારાજ થઈ ગયા છે. જેના સાહિત્ય પદો કાવ્યોનો એક એક શબ્દ એવો ટંકશાળી છે કે આધ્યાત્મિક સાહિત્યમાં અપૂર્વ સુંદર સરલ અને અંતરમાં સોંસરૂ ઉતરી જાય, જીવનમાં મહાન પરિવર્તન લાવી શકે એવા પ્રકારની એમની શબ્દ રચના છે, અર્થ ગાંભિર્ય છે, કુદરતી રીતે અંતરમાંથી નીકળેલા પ્રવાહના ઝરણા છે–ટુંકામાં અલૌકિક જ્ઞાનની રચના છે, મોક્ષ પ્રાપ્તિનો ટુંકો ને સરલ માર્ગ બતાવ્યો છે. છતાં રસથી છલાછલ ભરેલો છે. આવા મહાન કવિ, યોગીરાજ, મહાત્માના સાહિત્યને પ્રસિદ્ધ કરવો, પ્રચાર કરવો. પ્રસાર કરવો, લોકોના કર્ણ સુધી કે એના હૈયા સુધી પહોંચાડવો એટલા કર્તવ્યની પણ ઉપેક્ષા કરી છે. સદ્ગુણાનુરાગી પ્રશાંત મૂર્તિ પૂજ્ય મુનિરાજશ્રી કર્પુરવિજયજી મ. સા.ની પ્રેરણાથી ભાવનગરની શ્રી જૈન પ્રસારક સભાએ અને વિદ્વાન પ્રમુખશ્રી શેઠશ્રી કુંવરજી આણંદજીએ વિ. સં. ૧૯૯૩માં એક નાની પુસ્તિકા રૂપે પ્રસિદ્ધ કરેલ હતી.

ચિદાનંદજીના ૭૨ પદો છે. એક એક પદમાં અલૌકિક જ્ઞાન અને ભાવ ભર્યો છે. એક એક શબ્દ ઉપર વિવેચન કરતાં પુસ્તકો લખાય એવા અદ્ભૂત સુંદર વૈરાગ્યની વૃષ્ટિ–અમૃતનો વરસાદ વરસાવ્યો છે.

જૈનો દિવસ ઉગે ને લાખો રૂપીયા બીજા કાર્યોમાં ખરચે છે પણ જ્ઞાન પ્રસાર કે પ્રચાર તરફ જો વળાંક લે અને પૂજ્ય સાધુ ભગવંતો આ કાર્ય ઉપાડી લે તો જૈન ધર્મનો જ્ઞાનનો અખૂટ ભંડાર જગતના ચોકમાં મૂકી શકાય તેમ છે. આપણી પાસે એટલું બધુ વિપુલ સાહિત્ય વિદ્યમાન છે કે ભારતના સમસ્ત ધર્મોના સાહિત્યની તુલનામાં એંસી ( ૮૦% ટકા ) સાહિત્ય માત્ર જૈન ધર્મ પાસે છે. ( ૨૦% ટકામાં ) બીજા બધાનો સરવાળો છે. એમ કેટલાક વિદ્વાનોનું કહેવું છે. સત્ય જ્ઞાની ગમ્ય.

આમ છતાં સાક્ષરની દુનીયામાં આપણી જોઇએ તેવી કિંમત કે કદર નથી થતી તેનું કારણ આપણી તે તરફ ઉપેક્ષા છે, સાચા સ્વાધ્યાયને આપણે લક્ષમાં લેતા નથી. આજકાલ છાપાની દુનીયા વધી ગઈ છે, આત્માને સ્પર્શે અને આત્માનું ભાવી ભવોમાં શું થશે તે વિચારી કલ્યાણની ભાવનાથી સ્વાધ્યાય તરફ દુર્લક્ષ સેવાય છે.

ચિદાનંદજીના પદો, સ્તવનો, સવૈયા, વળી એની પુદ્ગલ ગીતા, અધ્યાત્મ બાવની, દયા છત્રીશી, પરમાત્મ છત્રીશી, સ્વરોદય જ્ઞાન પ્રશ્નોત્તર માળા, વિગેરે એક એક વસ્તુ, એક એક મહાન ગ્રંથની ગરજ સારે એવા ઊંડા રહસ્યોથી ભરપૂર છે.

એના એક નમૂના રૂપે " પરમાત્મ છત્રીશી " માંથી થોડીક વાનગી આ સ્થળે રજુ કરતાં આનંદ થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દુહા

**સ્તુતિ**

પરમ દેવ પરમાતમા, પરમ જ્યોતિ જગદીશ;
પરમ ભાવ ઉર આનકે, પ્રણમત હું નિશદિશ. ૧

**ચેતનાના ત્રણ પ્રકાર**

એક જયું ચેતન દ્રવ્ય હે, તામેં તીન પ્રકાર;
બહિરાતમ અંતર કહ્યો, પરમાતમ પદ સાર. ૨

**બહીરાતમની વ્યાખ્યા**

બહિરાતમ તાકું કહે લખે ન બ્રહ્મ સ્વરૂપ;
મગન રહે પર દ્રવ્ય મેં, મિથ્યાવંત અનુપ. ૩

**અંતરઆત્માની વ્યાખ્યા**

અંતર આતમ જીવ સો, સમ્યગ્ દૃષ્ટિ હોય;
ચોથે અરૂ કુતિ બારમે, ગુણ થાનક લોં સોય. ૪

**પરમાત્મ સ્વરૂપની વ્યાખ્યા**

પરમાતમ પર બ્રહ્મકો, પ્રગટયો શુદ્ધ સ્વભાવ;
લોકાલોક પ્રમાણ સબ, ઝળકે તીનમેં આપ. ૫

(ક્રમશઃ)



**श्री हेमचन्द्राचार्य कृतम् प्राकृत व्याकरणम् ( अष्टमोऽध्यःयः )**

શ્રી જૈન આત્માનંદ સભાનું પ્રકાશન-૯૪મું રત્ન છે. સાચા અર્થમાં તે રત્ન જ છે કેમકે તેના વિવિધ કારણો પ્રાકૃત ભાષાના અભ્યાસીને પુ ત ભાષાથી પ્રકાશિત કરે છે. પ્રાચીન પ્રાકૃત ભાષાના વ્યાકરણોમાં આ પુસ્તકનુ અદ્વિતીય સ્થાન છે. અર્વાચીન વિદ્વાનોએ આ પુસ્તકને બીરદાવ્યું છે. અભ્યાસીને સંપૂર્ણ જ્ઞાન મળે અને તુલનાત્મક અભ્યાસ થાય તે માટે આ પુસ્તકમાં નવ Appendiees આવેલ છે. જર્મન જેવા દેશમાં તેમજ મહાન વિદ્યાપીઠોની માંગ સારી છે. તેજ તેનું મૂલ્યાંકન છે.

Price Rs. 25-00 Dolar 5-00 Pound 2-10

: પ્રાપ્તિસ્થાન :

**શ્રી આત્માનંદ સભા ખારગેઈટ, ભાવનગર.**



For Private And Personal Use Only

# જીવનો ભોમિયો કોણ !

લેખક : શાસ્ત્રી રમેશ લાલજી ગાલા લાયજા-મોટા

સંસારની અસારતાની સમજ દેવ-ગુરુ અને ધર્મના ત્રિવેણી સંગમથી થાય છે. ગુરુ તત્ત્વ વગર દેવ અને ધર્મની ઓળખ થતી નથી. એટલે જ ગુરુનો મહિમા સર્વ રીતે ઉત્તમ છે, માનવ મહા માનવ ત્યારે જ બને છે કે જ્યારે એ અનુપયોગ તત્ત્વને છોડી ઉપયોગને પકડે છે, દેવ-ગુરુ અને ધર્મ આ ત્રણ તત્ત્વમાં મધ્ય તત્ત્વ સર્વ પ્રકારે સહાયક છે, કારણ એ તત્ત્વ વગર ધર્મની રૂપરેખામાં અસમજણ ઊભી થાય છે. અસમજણ એટલે જ મિથ્યાત્વ.

આથી જ મિથ્યાને ઓળંગી સત્યને સ્વીકારવા ગુરુ સમાગમ આવશ્યક છે, એક વાર જો સદ્ગુરુના પરિચયમાં આવી ગયા [illegible] ધર્મને માનવા સમર્થ થાશું નહિં કારણ....

સત્સંગથી થાય, તેજ બુદ્ધિ, પ્રગતિ પણ સત્સંગથી,
ઉન્નતિ પણ સત્સંગથી તે વડે દૂર થાય અધોગતિ.

આ બધું જો સદ્ગુરુના સમાગમથી મળતું હોય તો એવો કયો માણસ હોય કે આ અવની ઉપર આવી ગુરુઓના સંસર્ગમાં ન જાય? છતાં પણ અસમજણને લીધે આજે સદ્ગુરુઓના સમાગમમાં કોઈ જતું નથી, તેથી જ આજે જ્યાં જુઓ ત્યાં પ્રકાશને બદલે અંધકાર, સત્યતાને બદલે અસત્યતા, સાર ને બદલે અસારતાનું વાતાવરણ જોવા મળે છે. અરે ! આજની ફેશન પણ શરમાવે એવી છે કારણ જ્ઞાન જ અંધકારમાં ઘુસી ગયેલ છે. એ અંધકારને પ્રકાશમાં લાવવા માટે જો કોઇની જરૂરત હોય તો મહાન ઉપકારી ગુરુ-ભગવંતોની, જ્યાં તત્ત્વ જ ન હોય તો ચેતનની કેવી રીતે ખબર પડે? તેમ જ્યાં ગુરૂઓનો પરિચય જ ન મેળવ્યો હોય ત્યાં ધર્મની પિછાણ જ ક્યાંથી થાય? ધર્મને જાણવા માટે અથાગ પ્રયત્ન કરવો પડે છે, એ વગર કાંઇ શકય નથી. ધર્મને જાણ્યા વગર માત્ર ક્રિયા જ કરશું તો પણ કાદવથી નાહ્યા જેવું છે. માટે જ જ્ઞાનીઓ કહે છે કે....

**धर्म एव मोक्षकारिणः ।** ધર્મ જ મોક્ષનું કારણ છે. પણ એ ધર્મ કયો? જૈનધર્મ, જૈનધર્મ આપણને શિખવાડે છે કે અહિંસક બનો એ આપણે બની શકતા નથી. જો આપણે અહિંસક બનવા પણ રૂચિવાળા ન થઈએ તો વિતરાગ દેવ મળે ક્યાંથી? અને જો વિતરાગી દેવ ન મળે તો જીવની સદ્ગતિ થાય ક્યાંથી? માટે.... માટે.... માટે.... જે ધર્મ છે એ ધર્મને જો જીવનમાં ઉતારીએ તો અવશ્ય મન પાપ કરતું અટકશે. આગમમાં પણ એમ જ કહ્યું છે કે.... **मनःएव बंधमोक्षयोः हतुः ।** મનજ બંધ અને મોક્ષનું કારણ છે. જીવને દુર્ગતિ કે સદ્ગતિમાં પહોંચાડનાર એક માત્ર ભોમિયો હોય તો મન જ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મ સાધના

—: લેખક :—

રતિલાલ માણેકચંદ શાહ

વિકાસના પથ પર પ્રયાણ કરનાર આત્માના અજ્ઞાનના અંધારપટ લુપ્ત થવા લાગે છે, આંતરિક જીવનમાં વહેતી ગુણ-સરિતાના ફૂટેલા ઝરણા નિરખી મન મયૂર મસ્ત બની નાચે છે. અહો, અસીમ-દુર્ગમ-અજ્ઞાનમય અંધકારમાં આ પ્રકાશ પુંજ કયાંથી પસરાયો ! હવે તો આ પ્રકાશ એજ મારો જીવન પથ બનો. આ પ્રમાણે સાધક વિચારે છે કે જગતના જડના સૌંદર્ય-માન-પાન એ સુખના પદાર્થો નથી. પરંતુ આંતરિકતના દર્શન કરવામાં વચ્ચે ખડી રહેલી પ્રતિબંધક દિવાલ છે. દુઃખના સમયે સહિષ્ણુતાને ન ટકવા દેનારી કોઈ વિલક્ષણ શક્તિ છે. અરે ! આંતર વિશુદ્ધિ ઉપર ઉડનારો એ વિચિત્ર ગંદવાડ છે. અજ્ઞાનમાં આળોટતા ભૂંડને એ ગંદકી ગમે, હું તો આત્માનો સાધક, પરમ જ્ઞાનનો ઉપાસક, બાહ્યભાવથી ભિન્ન થયેલો, આંતરિકતાના ઉત્કર્ષ માટે તડપતો કોઇ અદભૂત અવધૂત ! મારામાં ભૂંડવૃત્તિ કેમ સંભવે !

જેના જીવનમાં રાગ-દ્વેષ-મોહ-માન-માયા-વિષય-કષાયાદિની ગંદગી ચોંટી નથી. તેના જીવનનો આનંદ અનિર્વચનીય હોય, તેની પ્રતિભા અપ્રતિહત બને. એનું બ્રહ્મતેજ અક્ષય બને. એ નિષ્પરિગ્રહીને નિરપેક્ષ હોવાથી મસ્ત યોગીની જેમ સ્વસ્વરૂપમાં મસ્ત રહે છે.

જડ શરીરના સૌંદર્યને ચલાયમાન, પરિવર્તનશીલ અને વિનાશક માને છે, માનવદેહ એ વિષય-ભોગવિલાસનું સાધન નથી. એ તો ભોગ-વિલાસ-વિષય-કષાયોને વિલીન કરવાનું અપ્રતિમ હથિયાર છે. એવી ભાવના ભાવી સાધક તેનાથી દૂર રહે છે; તે લક્ષ્મીમાં કથીરની કલ્પના કરે છે. સ્ત્રીમાં જુગુપ્સા પ્રેરક માંસ-પરુ-મળ-મૂત્રના ભંડારની કલ્પના કરે છે. સ્વાદુ-પદાર્થોમાં ઇંદ્રિયોને બ્હેકાવવાની કલ્પના કરે છે. તેથી તે પ્રત્યેકથી તે દૂર જ રહે છે. આત્મ-મસ્તી એજ એની અનોખી અવસ્થા બની રહે છે. એને સાંસારિક સુખોનો આનંદ લલચાવી શકતો નથી. એ તો પોતાની આત્મ સાધનામાં અવિરત પણે મચ્યો રહે છે. વૈષયિક સુખોમાં રાચતા જીવોને, સંસારની ગુલામીમાં સબડતા જીવોને તેઓનો અમૂલ્ય સમય એ ક્ષુલ્ક સુખ સ્વાદ નથી, થતી બરબાદી એને ખૂબજ સાલે છે. જગતે પસંદ કરેલા, વિશ્વે માની લીધેલાં સુખના રાહ પર ચાલ્યા જતા જીવોને નિરખી એનું હૃદય દયાર્દ્ર બની જાય છે.

વિષયો ક્ષણભર સુખની કલ્પના કરાવીને વિલીન થાય છે. પરંતુ ત્યારબાદ તેની ઝંખના કુસંસ્કારોને દૃઢ બનાવી જાય છે. એટલે માનવીનું મન એ પ્રાપ્ત કરવા ઝંખતુ હોય છે. સચિંત રહેતું હોય છે. તેની પાછળ પાગલ બનેલું મન તે ચિંતાના ગુંચળાઓમાંથી અલિપ્ત થઈ શકતું નથી. તેથી સાધકો તેનાથી અલિપ્ત થઈ જાય છે. સાધક સમજે છે કે. મારે તો અનંતધામે આરોહણ કરવું છે. વીતરાગતાનું પ્રગટીકરણ કરવું છે; સ્વસ્વરૂપમાં રહેવું છે. હું તો સીધોજ એ દુર્ગમ કેડી પર પ્રયાણ કરીશ, એ વિશમ વાટને વટાવી જઈશ. મારા અનંત આનંદ-સુખનું પ્રગટીકરણ કરીશ, સાધક આતમન્ના પૂર્વક પોતાના પુરૂષાર્થને તેમજ વીર્યને ઉર્ધ્વગતિ માટે ફોરવે છે.

'હું' એટલે આત્મા, આત્માને સંયોગે મળેલ જે શરીર તે હું નહિ. જે દેહાધ્યાસથી મારા ચેતનની સંસારાવસ્થા વધતી જાય, એ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેહના ઉપભોગ માટે આ જીવન મલ્યું નથી. જો દેહનેજ હું માની તે પ્રમાણે વર્તીએ તો, ચારગતિની ગર્તામાં આપણો આત્મા ધકેલાઇ જાય. પરંતુ સાધક તો દેહાધ્યાસથી દૂર રહી સ્વસ્વરૂપનું અનુસંધાન કરી, વિભાવ દશાને વિલીન કરી, સ્વમાં સમાઇ જાય.

એવા એક સાધકનું અહીં દૃષ્ટાંત આપવામાં આવે છે કે, જેઓએ દેહાધ્યાસ લુપ્ત કરી શુદ્ધ અધ્યવસાઓના ચરમ શિખરે પહોંચી વીતરાગતાનું પ્રગટીકરણ કર્યું. એક સમયે ભરતકુમાર મહારાજા પોતાના આરીસાભુવનમાં અરીસા સામે ઊભા રહી પોતાના દેહ સૌંદર્યનું પાન કરી રહ્યા હતા. (દેહ સૌંદર્યને નિરખી રહ્યા હતા). તે દરમ્યાન તેમની એક અંગુલીમાંથી અંગૂઠી સરી પડી. તેથી તેમના મનફલક પર વિચાર આળોટવા લાગ્યો કે હું મારી જાતને સ્વરૂપમાન માની રહ્યો છું પણ તે શોભા તો આભૂષણો તેમજ વસ્ત્રોની છે. શરીરની શોભા તો ત્વચાને કારણે જ જણાય છે. જો અંગ પર ચામડી જ નહોય તો શરીર કેવું લાગે? અશુચીથી છલોછલ દુર્ગંધમય લાગ્યા સિવાય રહેજ નહિ. આવો દેહ પણ મારો નથી. તો નવયૌવના સ્ત્રીઓ, કુળદિપક પુત્રો, અઢળક લક્ષ્મીને છ ખંડનું રાજ્યાદિ મારા કયાંથી જ હોય? તે પ્રત્યેકને મેં મારાં માન્યા, તેમાં સુખની કલ્પના કરી રાચ્યો, તે મારી ભયંકર ભૂલ હતી. અજ્ઞાનને વશવર્તી મેં પર પદાર્થોને પોતાના માન્યા અને જે પોતાનું છે તે આત્માને ભૂલી ગયો અહા! આ મારું કેવું પ્રખર અજ્ઞાન? હવે મારી દૃષ્ટિ ખુલી છે. કોઇ પણ પર વસ્તુમાં મમત્વભાવ ન રાખું અને સ્વમાં સમાઇ જાઉં એમ શુદ્ધ અધ્યવસાઓનો આવિષ્કાર થતાં તેઓ પૂર્ણતાને પામ્યા.

અજ્ઞાનને વશવર્તી આત્મા અનાદિકાળથી સંસાર સાગરમાં ઘૂમરીઓ લીધા જ કરે છે. જ્યારે તેને સ્વ-પરનું ભેદજ્ઞાન થાય છે ત્યારે જ તે સાચા રાહ પર ચરણ ચાંપી શકે છે. આત્માના વિભાગ, પરિણામથી-મિથ્યાત્વ, અવિરાત, પ્રમાદ કષાય અને યોગથી અથવા રાગ-દ્વેષ રૂપ કષાયથી જીવ કર્મ બાંધે છે અને બાંધેલા કર્મ કાળ પાકયે રસ આપે છે, ત્યારે સુખ-દુઃખ વેદાય તેથી જીવને કર્મનો કર્તા અને ભોક્તા કહ્યા છે. કર્મ બંધ માત્ર થયા કરે એમ જ હોય તો, તેની નિવૃત્તિ કોઇ કાળે સંભવે જ નહિ, પણ કર્મ બંધથી વિપરીત સ્વભાવવાળા એવા જ્ઞાન-દર્શન ચારિત્ર, સમાધિ, વૈરાગ્ય, ભક્તિ આદિ સાધન પ્રત્યક્ષ છે. જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપસમ પામે છે, ક્ષીણ થાય છે. માટે જ્ઞાન-દર્શન, ચારિત્રની ઐક્યતાથી મોક્ષ સંધાય છે.

**જ્ઞાન** :– આત્મજ્ઞાન, પરને જાણી રહ્યા છે. તેથી પાછા ફરીને, આત્મ સ્વરૂપને જેમ છે તેમ જાણી તેમાં રમણતા કરે તો કર્મ બંધાતા અટકે.

**દર્શન** :–સમ્યક્‌દર્શન, જીવા-અજીવાદિ પદાર્થોનું સ્વરૂપ જેમ વીતરાગ ભગવંતે કહ્યું છે તેમ શ્રધ્ધે અને આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરે તેથી કર્મ આવતા અટકે.

**સમાધિ** :– સમ્યક્‌ચારિત્ર, આત્મસ્વરુપમાં સ્થિરતા કરવા, યોગની ક્રિયાને રોકે, તેથી કર્મ નિર્જરેને નવા ન બંધાય. આત્મ પરિણામની સ્વસ્થતાને સમાધિ કહે છે.

**વૈરાગ્ય** :–રાગ નહીં તે, સંસારમાં દેહાદિમાં આસક્તિ છે તેથી કર્મ આવે છે તે દેહાદિ આત્માનો અનુભવ થતાં નિરસ લાગે તે જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય છે, તેથી કર્મ નિર્જરે અને નવાભવ ઉભા ન થાય.

**ભક્તિ** :– શુદ્ધાત્મા પ્રત્યે ભાવ પ્રશસ્ત રાગ, શુદ્ધ સ્વરૂપનું લક્ષ અને તેનો આવિષ્કાર કરવા, આત્મસ્વરૂપમાં તન્મયતા, પ્રેમ તેનાથી પર વસ્તુનો મોહ વિલીન થાય અને સત પુરુષની આજ્ઞાએ વર્તતા પોતાના સ્વરૂપને પ્રાદુર્ભૂત કરે, ભક્તિથી પોતાના દોષો-ઉણપ જાણી તેને વિલીન કરે, પરમાત્મા સ્વરૂપને ભજતાં, પરમાત્માના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુણો પ્રગટે, તેમ આ પ્રત્યેક સાધનો લૌકિક અર્થમાં નહિ, પરંતુ ખરેખર શુદ્ધ આત્મા સ્વરૂપની પ્રાપ્તિ માટે કરે તો, તે મોક્ષનો ઉપાય બને.

પ્રથમ જ્ઞાન એટલે કે, સમ્યક્‌જ્ઞાન તે આત્મા છે, તેનો આવિષ્કાર કરવા માટે, ધ્યાન અને સ્વાધ્યાયની જરૂર રહે છે. સ્વાધ્યાય એટલે આત્માના લક્ષાર્થે જે શીખવું, ભણવું, વિચારવું તે. જ્ઞાન આરાધનાના પાંચ પ્રકાર વર્ણવામાં આવ્યા છે. (૧) વાંચના એટલે ગુરૂ પાસે કંઈ શીખવાની આજ્ઞા મળવી, અથવા ગુરૂ શિષ્યને વિધિપૂર્વક પાઠ આપે તે, (૨) પૃચ્છના એટલે પોતાની કે પરની શંકા દૂર કરવા વિનય પૂર્વક પૂછવું અને કહે તે અપનાવવું. (૩) પરાવર્તના એટલે ફેરવવું, એક વખત વાંચેલું મોઢે કરેલું ફરીથી વાંચવું ફેરવવું, ધુન લગાવવી. એથી ચિત્ત રોકાય અને એકાગ્રતા થતાં આત્મામાં જોડાય. (૪) અનુપેક્ષા એટલે અર્થ વિચારવો, ભાવના કરવી, (૫) ધર્મકથા એટલે કંઈ વિચાર આવ્યા હોય તે વ્યવસ્થીત રીતે કહી બતાવવો તે, વ્યાખ્યાન, ચર્ચા, ધર્મકથા કરવાથી વિશેષ વિચાર કરવો પડે છે, અને કદી ભૂલાય નહીં તેવી દૃઢ છાપ ઉપસે છે,

જ્ઞાનના ભેદ–મતિ, શ્રુત, અવધિ, મન, પર્યેય ને કેવળ એમ પાંચ છે તે આત્મજ્ઞાન સહિત છે. તેમાં ઉપયોગ જોડવો. અભિક્ષ્ણ જ્ઞાનોપયોગ એટલે નિરંતર સ્વાધ્યાય અને જ્ઞાન ધ્યાનમાં રહેવું તે તે સંવરનું મુખ્ય સાધન છે, દર્શન–એટલે શ્રદ્ધા, રૂચિ હોય તેટલું વીર્ય સ્કુરે અને તેટલા પ્રમાણમાં તે સ્કુરે છે અને તેટલા પ્રમાણમાં ચારિત્ર અથવા આત્મામાં સ્થિરતા કરી શકે. જ્ઞાનીની પ્રત્યેક ક્રિયા ઉદયાધિન એટલે કે છૂટવા માટે છે. અજ્ઞાનીની સર્વ ક્રિયા કર્મબંધ કરનારી છે. જ્ઞાની ઉદયમાં નિર્લેપ રહીને વર્તે છે. જ્ઞાન આત્મા છે, દર્શન આત્મા છે, ચારિત્ર આત્મા છે. વ્યવહાર નયથી જાણનાર, શ્રધ્ધનાર, વર્તનાર એમ ભેદ પડે છે, નિશ્ચયનયથી ત્રણે એક આત્મામાં જ છે, એમ ત્રણે ગુણ અભેદ રીતે વર્તે ત્યારે તે આત્મારૂપે જ છે અને તેજ પોતાના સ્વરૂપને પામ્યો ગણાય.

કલ્યાણના કારણમાં વિઘ્ન કરે તે પ્રતિબંધ છે, તે ચાર પ્રકારે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવપણે આત્માને બંધન રૂપ થાય, સંસારમાં જ્યાં જ્યાં પ્રેમ ઢોળી રાખ્યો છે, ત્યાં ત્યાં પ્રતિબંધ સમજવો. જ્યારે આત્માને દેહથી ભિન્ન પ્રત્યક્ષ જુદો અનુભવે છે ત્યાંજ જ્ઞાન રહ્યું છે. જ્યારે તે ભેદ જ્ઞાન આવિષ્કાર પામે ત્યારબાદ જ મોક્ષ માટે કરેલો પુરૂષાર્થ કામિયાબ નિવડે છે. તે પહેલાં વ્રત–પચ્ચખાણ કરે છે. તે શુભ-ભાવ હોવાથી કર્મ બને છે અને કર્મ ભોગવવા પડે છે. એટલે તે સંસાર વૃદ્ધિનું કારણ બને છે. ભાગવતી સૂત્રમાં આલેખવામાં આવ્યું છે તે નિઃશંક હકીકત છે. જેને દેહમાં આત્મબુદ્ધિ છે તે સુંદર શરીરને દિવ્ય વિષય ભોગો જ અજાણ પણે પણ ઈચ્છે છે, તેથી તેના વ્રત પચ્ચખાણ તેને સંસારી સુખો પ્રાપ્ત કરાવી, તેમાં આસક્ત કરી. પાપ બંધાવી ચાર ગતિમાં રખડાવી મારે છે. સમક્તિ સિવાયનું બધું જ વૃથા છે, મિથ્યાત્વીનું બધું જ સંસાર અર્થે છે તે ન ભૂલવું જોઈએ.


## ✽ પ્રભાવના કરવા માટેની નાની પુસ્તિકા ✽


"**જૈન ધર્મની રૂપરેખા**" નામની પુસ્તિકા. પાઠશાળા, કે અન્ય ધાર્મિક પ્રસંગે ભેટ આપવા યોગ્ય ૧૫૦૦ બુક તૈયાર છે. ૧૦૦ બુકના રૂા. ૧૭૫/–

ડેમી ૧૬ પેજી પાના ૮૬ બાઈન્ડીંગ સાથે

લેખક પૂ૦ આ૦ દેવ**શ્રી** વિક્રમસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય મુનિ**શ્રી** રાજયશવિજયજી મ. સા.

પ્રાપ્તિસ્થાન : **આનંદ પ્રિન્ટિંગ પ્રેસ,** સુતારવાડ, **ભાવનગર.**


For Private And Personal Use Only




હપ્તો છઠ્ઠો : ફેબ્રુઆરી ૧૯૮૪ અંક ૪નું અનુસંધાન

ધોમધાખ તાપથી ત્રાંસી ગયેલા લોકો હવે તો અકળામણ અનુભવતા હતાં. નદી–નાળાના નીર સુકાઈ ગયા હતાં, વનરાજીઓ કરમાઈ ગઈ હતી, ઉનાળાએ તો કેર વર્તાવ્યો હતો. વૃક્ષો તો જાણે સુકાવા લાગ્યા હતા, ઉડતા પક્ષીઓ પણ અસહ્ય ગરમીમાં જમિન પર પટકાતા હતા. ખેડૂતો હવે તો આકાશ ભણી મીટ માંડીને હળે હાથ દઈને ઉભા હતા. વર્ષા ઋતુના આગમનની રાહ જોવાતી હતી.

ધનદેવ પાસે સુપ્રતિષ્ઠ પરસેવે રેબઝેબ થતા પોતાના દેહને વસ્ત્ર દ્વારા લુછતા લુછતા પોતાના જીવનની વ્યથા ભરી કથા જણાવતો હતો. ધનદેવ તેને આશ્વાસન ભર્યા વચનો દ્વારા સુપ્રતિષ્ઠને શાંત્વન આપતો હતો. ભૂખ્યાને ભોજન મળે, તરસ્યાને પાણી મળે અને નિરાધારને આધાર મળે તેવા અમૃત ભર્યા આશ્વાસનથી સુપ્રતિષ્ઠને શાતા વળી. તેણે પોતાના વિકથા આગળ ચલાવી.

હવે તો જાણે સુપ્રતિષ્ઠના દુઃખનુ દર્દ ઓગળી ગયું, એના અંતરમાં આનંદ પ્રગટયો. હર્ષના આસૂં દ્વારા તેણે ધનદેવ પાસે પોતાનુ દીલ હળવું કર્યું.

ઉનાળાની ઋતુએ હવે છેલ્લી સલામ કરી અને પોતાથી લીલા સંકેલી લીધી. વર્ષા ઋતુનુ આગમન થયું, પડઘમ વગાડતી મેઘરાજાની સવારી આવી પહોંચી, કાળા ડીમાંગ વાદળો ગગન મંડળના ગૃત્ય કરવા લાગ્યા. મેઘનુ તાંડવ નૃત્ય શરૂ થયું. વીજળીના ચમકારામાં મેઘરાજાનું શ્યામ મુખ દીપતુ હતું. થોડા જ સમયમાં મૂશળધાર વરસાદ વરસવા લાગ્યો. કોણ જાણે કયાં કયાં છૂપાયેલા મોરલાઓ ટે....હૂ....ક.... ટે....હૂ....ક કરતા મેઘરાજાનું સ્વાગત કરવા તૈયાર થઈ ગયાં અને ડ્રાઉં....ડ્રાઉ....કરતા દેડકા-મોરલાના મધુર ટહૂકારમાં રંગનો ભંગ પાડતા હતાં. સુકાયેલી કરમાયેલી વનરાજી આળસ મરડી ને બેઠી થઈ, સુકાઈ ગયેલી નદીમાં હસતા હસતા ધસમસતા નીર વહેવા લાગ્યાં. પક્ષીઓના દેહમાં જાણે નવા પ્રાણ આવ્યા હોય તેમ કલરવ કરવા લાગ્યાં. પ્રથમ વરસાદે જાણે પોતાનો હક્ક જમાવ્યો હોય તેમ મન મૂકી વરસવા લાગ્યો;

રાજા સુગ્રીવ ભોજનકાર્ય પતાવી સ્નાન કરી સુંદર વસ્ત્રો પરિધાન કરી દેહને સુવાસિત કરીને હાથમાં પાનનુ બીડુ લઇ પોતાની માનીતી રાણી કમલવતિના શનયનગૃહે ગયો. સ્વામી નાથનુ સ્વાગત કરતી કમલાવતી બેઠી હતી તે ઉભી થઈને આવકાર આપ્યો. સુગ્રીવ કીમતી શૈયા પર આરૂઢ થયો. પોતાના સ્વામિનાથ પાસે બેસીને કમલાવતી સુખદુઃખની વાતો કરવા લાગી રાજા સુગ્રીવના મધુરા વચનોથી આનંદીત થયેલી કમલાવતી વિનોદ કરવા લાગી. અને આખા દિવસના પરિશ્રમથી થાકી ગયેલા રાજા સુગ્રીવ પલંગ પર પોઢી ગયોં. વહેલી સવારે મેઘરાજાએ પોતાનું જોર વધાર્યું આકાશમાં મેઘની ગર્જના થઈ અને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજા સુગ્રીવ સફાળા બેઠા થયા. કમલાવતી પણ જાગી ગઈ. બંને જણા શયનગૃહના વાતાયન-માંથી બહાર દૃષ્ટિ કરીને જોઈ રહ્યાં હતાં. હે દેવી! કુદરતની કળા અકળ છે. ઘડીકમાં હસાવે છે.... ઘડીકમાં રડાવે છે. કેમ સ્વામીનાથ આજે આમ કેમ બોલો છો!!! દેવી તું જુવે છે. ને ભર ઉનાળામાં પાણી વગર લોકો તરફડતા હોય છે. અને જ્યારે મેઘરાજ મન મૂકીને વરસે છે. ત્યારે લોકો આનંદમાં આવી જતા હોય છે. અદ્ભુત લીલા છે આ કુદરતની. થોડી જ વારમાં એક વીજળીનો ચમકારો થયો ને રાજા સુગ્રીવે કહ્યું દેવી! જોઈને આ વીજળી કેવી ચમકે છે. જાણે વિકરાળ અજગરના મુખમાંથી જીભ લપ-કારા મારતી બહાર નીકળે તેમ વાદળામાંથી વીજળી ચમકારા મારે છે. રાજા સુગ્રીવ અને કમલાવતીએ વર્ષાઋતુના દર્શન કર્યા. હવે તો પૂર્વ ક્ષિતિજ પરથી રવિરાજનું આગમન થતુ હતું, પણ ઘટાટોપ વાદળોની વણઝારમાં કોઈ વાર રવિદાદાનું દર્શન પણ દુર્લભ થઈ જતું હતું.

રાજા સુગ્રીવે પોતાની સુખ શૈયા છોડીને પ્રાતઃકાર્યમાં પરોવાઇ ગયાં, રાણી કમલાવતી પોતાની પ્રવૃત્તિમાં લાગી ગઇ, થોડીવાર થઇ ના થઈ ત્યાં તો વસુદત્ત નામે કંચુકી રાજા પાસે આવ્યો. પ્રણામ કરીને ઉભો રહ્યા, રાજાએ કહ્યું કેમ વસુદત્ત આજે વહેલો કેમ!!! રાજન આપે જે દામોદર નામે દુતને ચંપાનગરીમાં શ્રી કીતવર્મા રાજા પાસે મોકલ્યો હતો તે આપના દર્શનની ઈચ્છાથી પરત આવ્યો છે. અને દ્વાર પાસે ઉભો છે. આપ આજ્ઞા કરો તો....!

વસુદત્તની વાત સાંભળીને રાજા સુગ્રીવ રાણીની સંમતિ લઈને રાજસભામાં આવવા નીકળ્યાં. તેઓ ઉતાવળે પગલે રાજસભાના દ્વારે આવ્યાં ત્યાંજ એક ભયંકર ગર્જના સાથે વિજળીનો કડાકો થયો. નગરજનો લોકો ભયાભિત બની ગયાં તે જ સમયે રાણીના આવાસે કોલાહલ મચ્યો દો....ડો....દો...ડો બચાવો....બચાવો.... સહુ અંત પુર તરફ દોડવા લાગ્યાં. રાજાને ખબર પડતાં તે પણ તુરજ જ ઉતાવળે પગલે મહેલે આવ્યાં. ત્યારે રૂદન કરતી ધાવમાતાએ જણાવ્યું કે મને બચાવો મારૂ સર્વસ્વ ચાલ્યુ ગયું હું લુટાઇ ગઈ છું. નીરાધાર બની ગઇ છું મને બચાવો!!! હે નરેન્દ્ર! મને બચાવો, હે રાજન! વીજળી પડવાથી દેવી કમલાવતી બળી ગયા છે. હે....શું કહે છે. ભયભીત બનેલો રાજા કમલાવતી પાસે આવીને જોતાની સાથે જ અવાક બની ગયો. મરણ તુલ્ય જેવી કમલાવતીને ઢંઢોળે છે. પણ કાંઈ બોલતી નથી. જ્યાં રાજા ઉભો થવા જાય છે ત્યાં જ મુર્છા ખાઈને જમીન પર ઢળી પડે છે. લોકો આક્રંદ કરવા લાગ્યા. રે કુદરત! આ તે શું કર્યું, હસતા અને કિલ્લોલ કરતા વાતાવરણમાં કલ્પાંતનો કારમો કોરડો શા માટે વિંઝયો? રાજમહેલના દ્વારે શોકની ઘેરી છાયા ફરી વળી. સહુના આક્રંદમાં વાતાવરણ ગમગીન બન્યુ હતું.

રાજા સુગ્રીવ ખુબજ આક્રંદ કરતા જ્યારે મુર્છા ખાઇને ઢળી પડયાં ત્યારે તો લોકોના દુઃખનો પાર ન રહ્યો. કેટલાક વૃદ્ધાએ શીતળ પાણીનો છંટકાવ કર્યો અને પવન નાખવા લાગ્યાં. થોડીવારમાં રાજા સ્વસ્થ થયાં પણ તેમની આંખ-માં આંસુ આવી ગયાં. રાજા પારાવાર વિલાપ કરતો હતો. હે ધનદેવ! હું ત્યાં રડતો રડતો તેમની પાસે ગયો મને તેમણે પોતાના ખોળામાં બેસાડી માથા ઉપર વાત્સલ્ય ભર્યો હાથ ફેરવવા લાગ્યા. વાતાવરણ ખુબજ કરૂણાજનક બન્યું હતું.

**( ક્રમશઃ )**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આપ જાણો છો ?

કષાય :— કષ - જે સંસાર તેનો આય - જે લાભ—પ્રાપ્તિ તેને કષાય કહીએ.

તેના પ્રકાર :—

ક્રોધ, માન, માયા અને લોભ. આ **ચાર પ્રકારે** છે.

તે પ્રત્યેકના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, અને સંજ્વલન એવા ચાર ચાર ભેદ છે.

**તેનું સ્વરૂપ** :- જળ, રેણુ, પૃથ્વી ને પર્વતની રેખા સમાન ચાર પ્રકારનો **ક્રોધ** છે.

(૨) નેતરની લતા, કાષ્ઠ, અસ્થિ અને પથ્થરના સ્થંભ સમાન ચાર પ્રકારનું **માન** છે.

(૩) અવલેખિકા, ગોમૂત્ર, મેંઢાના સિંગ અને ઘણવંશના મૂળ સમાન ચાર પ્રકારની **માયા** છે,

(૪) હળદર, ખંજન, કર્દમ અને કીરમજના રંગ સમાન ચાર પ્રકારનો લોભ છે,

સ્થિતિ :- પક્ષ, ચાર માસ, વર્ષ અને જાવજજીવની અનુક્રમે છે,

તે ચારે દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરકગતિમાં જવાના હેતુભૂત કહ્યા છે.

**સંજ્ઞા** :—સંજ્ઞાન તે સંજ્ઞા, તેના ચાર પ્રકાર છે. આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞા.

**લેશ્યા** :— જેના વડે કરીને આત્મા કર્મથી લેપાય તેને લેશ્યા કહીએ.

કૃષ્ણાદિ દ્રવ્યના **સમી**પણાથી થતા આત્માને શુભાશુભ રૂપ પરિણામ વિશેષ તે લેશ્યા કહીએ.

સ્ફટિકની જેમ કૃષ્ણાદિ દ્રવ્યના સમીપણાથી આત્માને જે શુભાશુભ પરિણામ થાય તે અર્થમાં લેશ્યા શબ્દ પ્રવર્તે છે.

**લેશ્યાના પ્રકાર** :— છ છે.

(૧) કૃષ્ણ લેશ્યા (૨) નીલ લેશ્યા (૩) કાપોત લેશ્યા (૪) તેજો લેશ્યા (૫) પદ્મ લેશ્યા (૬) શુકલ લેશ્યા.

**તેનું સ્વરૂપ** :— જંબૂવૃક્ષના ફળ ખાનાર છ પુરુષના દૃષ્ટાંત તથા ગ્રામ ઘાતક છ પુરુષના દૃષ્ટાંતથી જાણવું.

**દૃષ્ટાંત** :— એક અત્યંત પાકેલા જાંબુના ફળોથી જેની શાખાઓ નમી પડેલ છે એવો જંબૂવૃક્ષ છ પુરુષોએ દીઠો તેમણે ફળો ખાવાની ઇચ્છા જણાવી.

એક બોલ્યો, "આ વૃક્ષ પર ફળ ખાવા માટે ચઢવાથી જીવવાનો સંદેહ થઈ પડે." માટે તેને મૂળમાંથી છેદીને પાડી નાખીએ.—આ પુરુષ કૃષ્ણ લેશ્યાએ વર્તતો જાણવો.

બીજો બોલ્યો, "આખા વૃક્ષને છેદવાનું આપણે શું કામ છે?" તેની માટે શાખાઓ છેદીએ.—આ પુરુષ નીલ લેશ્યાવાળો જાણવો.

ત્રીજો બોલ્યો, "પ્રશાખા છેદીએ" આ પુરુષ કાપોત લેશ્યાવાળો જાણવો,

ચોથો બોલ્યો, "ફળવાળા ગુચ્છા છેદીએ" આ પુરુષ તેજો લેશ્યાવાળો જાણવો.

પાંચમો બોલ્યો. "ફળો જ પાડીએ" આ પુરુષ પદ્મ લેલ્યાવાળો જાણવો.

છઠ્ઠો બોલ્યો, "પુષ્કળ જાંબુ જમીન પર પડેલા છે. તેજ લઈને ખાઈએ" આ પુરુષ શુકલ લેશ્યાવાળો જાણવો.

(શ્રી બૃહત્ સંગ્રહણિમાંથી)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " પ્રભુ તુજ શાસન અતિ ભલુ "

—: લેખક :—

પૂજ્ય ગણિવર્યશ્રી દાનવિજયજી મહારાજ સાહેબ નૂતન ઉપાશ્રય ભાવનગર.

શ્રમણ ભગવંત મહાવીર પરમાત્માનું શાસન ઘણું જ વિશાળ છે. તેના પરમ પ્રભાવે અનેક મહા પુરૂષો પરમ પદને પ્રાપ્ત કરી શકયા છે. આત્માને એ શાસન પ્રાપ્ત થયા પછી શ્રદ્ધા સત્વ અને શક્તિના સમન્વય દ્વારા ઉચ્ચ કોટિની આરાધનાના માર્ગે આગળ આવે તો તે અંતરમાં અમૃતનો આસ્વાદ માણી શકે છે.

સમગ્ર સંસાર એ પાવક જ્વાળા છે. અને એ જ્વાળા આત્માને દઝાડી રહી છે. જો કે મોહ અને અજ્ઞાન વશ જીવાત્માઓ એ પ્રજ્વલિત જ્વાળામાં જાણી જોઈને પડે છે. જેમ દિપકને જોઈ પતંગીયુ તેમાં મોહે છે. અને એ મોહ પતંગીયાને ભારે પડે છે. તે જ્યોતમાં પતંગીયાની જીવન જ્યોત સમાપ્ત થઈ જાય છે, એમ માનવ માત્ર પણ જૈન શાસનને પામ્યા છતાં મોહ અને અજ્ઞાન વશ પોતાની જાતને પાવક જ્વાળામાં જલાવી દે છે.

ભગવંત મહાવીર પરમાત્માની પટ્ટ પરંપરામાં અનેક મહાપુરૂષો થયાં. જેમણે પોતાની જ્ઞાન, દર્શન અને ચારિત્રની અપૂર્વ ઉત્તમ કોટિની સાધના–આરાધના દ્વારા જૈન શાસનની અપૂર્વ સેવા કરી છે. અને પ્રાણાંતે પણ જૈન શાસનનું રક્ષણ કર્યું છે.

સમ્યગ્ દેવ ગુરૂ અને ધર્મમાં અપૂર્વ શ્રદ્ધા રાખીને કેવળ શાસનની સેવા કરવામાં જેઓએ પોતાનું જીવન સમર્પણ કર્યું છે. તેમની જૈન જગત અનુમોદના જ કરે છે.

જેના હૈયામાં શાસન પ્રત્યેની સાચી સેવા જ વણાયેલી હોય છે. તેઓ ડગલે ને પગલે શાસન પ્રત્યેની જ ચિંતા કરતા હોય છે. અને એવા મહાપુરૂષો અંતરથી નત મસ્તકે એવો જ ઉદ્દગાર કાઢે છે. **" પ્રભુ તુજ શાસન અતિ ભલુ "**

ભૂતકાળમાં અને વર્તમાનકાળમાં જે જે મહાપુરૂષોએ સળગતા સંસારનો ત્યાગ કરીને સંયમની શીળી છાયામાં આવ્યા છે. અને જૈન શાસનનું શરણું સ્વીકાર્યું છે. તેવા મહાપુરૂષોએ પોતાના જીવનની કે શરીરની દરકાર રાખ્યા વગર કેવળ શાસનની જ સેવા કરી છે. કરી રહ્યા છે. અને કરશે જ તેમાં તેઓનો અંગત સ્વાર્થનો કોઈ પ્રશ્ન જ નથી હોતો. પ્રત્યેક ક્ષણો પરોપકારની જ સેવામાં અને પરોપકારની ચિંતામાં વ્યતિત કરનારા મહાપુરૂષોને ચરણે ભાવભર્યા વંદન સિવાય બીજુ હોય શકે જ નહિ.

મહાપ્રભાવિક પરમવંદનીય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાએ જ્યારે પોતાના અંતરમાં સાચા અર્થમાં ચિંતન, મનન કે મંથન કર્યું ત્યારે અંતરથી એવો જ જવાબ મળ્યો " પ્રભુ તુજ શાસન અતિ ભલું "

**वपुरेव तवाचष्टे, स्पष्टं मिष्टान्नभोजनम् ।**
**नहि कोटरसंस्थेऽग्नौ, तरुर्भवति शाड्वलः ॥**

હે વીતરાગ ! તારૂ શરીર જ મિષ્ટાન્ન ભોજનની સાક્ષી પૂરે છે. કેમકે બખોલમાં અગ્નિ હોય તો ઝાડ લીલુછમ રહે ખરૂ ?

**वपुरेव तवाचष्टे भगवन् । वीतरागताम् ।**
**नहि कोटरसंस्थेऽग्नौ तरुर्भवति शाड्वलः ॥**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હે જગતના પરમ વંદનીય વિભૂતિ ! તમારી પ્રતિમા જ વીતરાગ ભાવની સાક્ષી પૂરે છે. કેમકે બખોલમાં અગ્નિ હોય તો ઝાડ લીલુછમ રહે ખરૂ ? આ રીતે હરિભદ્રસૂરિએ ભગવાન વીતરાગ પરમાત્માની ભાવથી સ્તુતિ કરી છે.

આ મહાપુરૂના અંતરમાં વીતરાગની ભક્તિ પ્રત્યેનો જે ભાવ હતો તે તેમણે સ્તુતિ દ્વારા પ્રગટ કર્યો છે. તેમના જીવનમાં યાકિની મહત્તરા ન મળ્યાં હોત તો ? પણ ના તેમને મળ્યાં તેની જ વાત કરીએ.

માર્ગમા જતાં – ઉપાશ્રયમાંથી દિવ્ય સ્વર સાંભળતા જ જેના કાન ચમકયાં, હૈયુ હિલોળે ચઢયું અને ઉપાશ્રયમાં વંદનભાવે બે હાથ જોડીને " ચક્કીદુગં " ગાથાનો ભાવ જાણવાની જિજ્ઞાસા દર્શાવી, સાધ્વીજીએ કહ્યું તેનો યથાર્થ ભાવ જાણવો હોય તો ચાલો મારા ગુરૂદેવ પાસે. અને તેઓ આ. જિનદત્તસૂરિ પાસે ગયા ગુરૂદેવના સ્વમુખે ભાવાર્થ જાણ્યો એટલે " ભવવિરહ " માટે ગુરૂદેવ પાસે ક્ષણનો પણ વિચાર કર્યા વગર પોતાનું જીવન સમર્પણ કરી દીધુ. શાસ્ત્રાભ્યાસ દ્વારા આગળ વધ્યા જ્ઞાન ક્રિયા ભક્તિની સરિતાના ત્રિવેણી સંગમમાં સ્નાન કરવા પૂર્વક આગળ આવ્યા. અને યોગ્ય જાણી ચતુર્વિધ સંઘની હાજરીમાં ગુરૂભગવંતે આચાર્ય પદથી વિભૂષિત કર્યા.

આચાર્ય હરિભદ્રસૂરિના શિષ્યો હંસ અને પરમહંસ જિનપ્રતિમાના ચિત્રમાં બુદ્ધની પ્રણાલીકા પ્રમાણે ત્રણ રેખાઓ કરવા પૂર્વક પગ દઈને નીકળી ગયાં જેથી બૌદ્ધોને ખ્યાલ આવ્યો કે આતો જૈન હતાં. તેના પ્રતિમાના ચિત્રને આશાતના ન થાય માટે ત્રણ રેખા કરી બૌદ્ધની પ્રતિમાનુ સ્વરૂપ આપી ભાગી છૂટયા છે. તેમને રસ્તામાં જ બૌદ્ધોએ મારી નાંખ્યા. તે સમાચાર આચાર્યશ્રીએ જાણ્યાં તેનું પારાવાર દુઃખ થયું, અને ક્રોધથી ધમધમી ઉઠેલા આચાર્ય હરિભદ્રસૂરિએ ૧૪૪૪ બૌદ્ધોને એકઠા કરીને ઉકળતા તેલની કઢાઈમાં મારી નાખવાનો વિચાર મનમાં પેદા થયો. પણ (સમર દિત્યમાંના વૃતાંતની ચાર ગાથા વાંચી) અંતરથી પ્રાયશ્ચિત મેળવ્યું. આ મહા પુરૂષને શાંતરસભર્યા વિતરાગના સ્મરણથી અંતરમાં જે અમૃત પેદા કર્યું હતું તેના પ્રભાવે ક્રોધ લાંબો સમય રહ્યો નહિ અને કરેલા દુર્ભાવનુ અંતરથી પ્રાયાશ્ચત કર્યું. તેના પ્રાયશ્ચિતમાં ૧૪૪૪ ગ્રંથોની રચના કરી. "ભવવિરહ" ભવના દુઃખને દૂર કરવા અને શેષ જીવન દરમ્યાન અભૂતપૂર્વ જ્ઞાનસાધના અને આત્મિક આરાધના દ્વારા પોતાના જીવનને સફળ કરવા લાગ્યાં.

મહાપુરૂષ આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીએ ઉપકારી ધર્મમાતા સમા સાધ્વીજીનુ નામ જીવનમંત્ર બનાવવા " **યાકિની મહત્તરા સુનુ** " એ વાકય ચરિતાર્થ કર્યું અને અંતે તેઓએ બે હાથ જોડીને એક જ પ્રાર્થના વીતરાગ પાસે કરી કે હે પ્રભુ ! આપનું શાસન મને પ્રાપ્ત ન થયું હોત તો મારી શી વલે થાત ! હે વંદનીય વિભૂતિ ! આપને લાખ લાખ વંદન.

પ્રભુ ! તુજ શાસન અતિ ભલુ.

## આભાર

" **શબ્દ સષ્ટિ** " નામનું માસીકનું લવાજમ એક વર્ષનું મુંબઈવાળા શ્રી હીરાલાલ અનોપચંદ શાહે સભાવતી ભરેલ છે. તે માટે તેઓશ્રીનો આભાર માનવામાં આવે છે.

લી. **શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ✠ શ્રી મહાવીર જૈન વિદ્યાલય ✠

સને ૧૯૮૪ના માર્ચ-એપ્રિલમાં લેવાયેલ મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યના એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર અને કોલેજમાં વધુ અભ્યાસ ચાલુ રાખનાર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને નીચે મુજબ શિષ્યવૃત્તિઓ પારિતોષિક આપવામાં આવે છે :—

**(૧) શ્રીમતી લીલાવતી ભોળાભાઇ મોહનલાલ ઝવેરી પારિતોષિક**
( કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરનાર માત્ર વિદ્યાર્થિનીઓ માટે )

**(૨) શ્રીમતી ચંપાબેન ભવાનભાઇ મહેતા શિષ્યવૃત્તિ**
( કોલેજમાં **સાયન્સ** લાઈનનો અભ્યાસ કરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ માટે )

**(૩) શ્રીમતિ લીલાબેન ડાહ્યાભાઇ મહેતા પાલણપુરવાળા શિષ્યવૃત્તિ**
( કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ માટે )

આ અંગેના નિયત અરજીપત્રકો શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, **મુંબઇ**-૪૦૦ ૦૩૬ પરના કાર્યાલયમાંથી મળશે. અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ છે.

## શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન

શાશ્વતા તીર્થની ઉપાસના આવા પુનિત પુસ્તકના વાચન દ્વારા વિશેષ રીતે થઇ શકે છે. તેથી આ પુસ્તક દરેક ઘરે વસાવવા જેવું છે.

નવ્વાણુ યાત્રા કરનાર ભાગ્યવંતોને, વર્ષીતપ કરનાર તપસ્વીઓને, તેમજ શ્રી જૈન સંઘના શ્રાવકો અને શ્રાવિકાઓને પ્રભાવનામાં આપવા લાયક પુસ્તક છે. આ પુસ્તકમાં પુનિત તીર્થના પંદર ફોટાઓ છે કિંમત ફક્ત ૬-૦૦ રૂપિયા જે વ્યક્તિ સો કે સોથી વધારે પુસ્તક મંગાવશે તેમને દશ ટકા કમિશન આપવામા આવશે.

શ્રી જૈન આત્માનંદ સભા ખારગેઇટ
ભાવનગર ( સારાષ્ટ્ર )

હે જીવ! મોહ મમતામાં ફસાયેલ તું અઢારે પાપ સ્થાનક સેવીને ધન કમાઇ કુટુંબનું પાલન-પોષણ જો કે કરે છે, પરંતુ કરેલ પાપ કર્મોનું ફળ તો ત્હારે એકલાને જ ભોગવવું પડશે. કેમકે-કોઈ પણ જીવ ભવાંતરમાંથી એકલો જ આવે છે અને કર્માનુસાર ભવાંતરમાં એકલો જ જાય છે. અત્યંત સ્નેહી એવા માતા-પિતા-સ્ત્રી-પુત્ર કે પરિવારમાંથી કોઈ પણ આત્મા કોઈનીય પણ સાથે ભવાંતર જતા નથી. જાય છે ફક્ત એક આરાધેલ જિનધર્મ જ !!!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd G. BV. 31.


## —: અમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમપૂજ્ય વિદ્વાન

મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજના

વરદ્હસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# દ્વાદસારં નયચક્રમ્ પ્રથમ અને દ્વિતીય ભાગ

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્‌ભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવા જોઈએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ જણાવે છે કે—

ભાવનગર **શ્રી જૈન** આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા **ગૌરવની વાત છે. જે વિદ્વાન મુનિ** મહારાજો, સાધ્વીજી મહારાજો, તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ 'દ્વાદશારં નયચક્રમ્'ને શ્રેષ્ઠ સ્થાને મૂકી શકાય તેમ છે. માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે. (કીંમત રૂા. ૪૦-૦૦ પોસ્ટ ખર્ચ અલગ)

---

**બહાર પડી ચુકેલ છે** જિનદત્તકથાનકમ્ (અમારૂં નવું પ્રકાશન)

પ્રસ્તુત જિનદત્તકથાનક સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી એવો કથાગ્રંથ છે.

સ્વ. પૂજ્યપાદ આગમપ્રભાકર શ્રુત-શિલવારિધિ શ્રી પુણ્યવિજયજી મહારાજની ઇચ્છાનુસાર આ ગ્રંથ પ્રકાશન કરવામાં સફળ થતા ખુબ આનંદ અને સંતોષ અનુભવાય છે.

અમારી વિનંતિને ધ્યાનમાં લઇને પરમપૂજ્ય સાધ્વીજી મહારાજશ્રી ઓંકારશ્રીજી મહારાજે આ ગ્રંથનું સંપાદન-સંશોધનનું કાર્ય કરી આપવાની કૃપા કરી છે.

આ કથાનકનો ગુજરાતી ભાષામાં પણ સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે. આ ગ્રંથ દરેક લાયબ્રેરીમાં વસાવવા યોગ્ય છે. (**કિંમત રૂા. ૮-૦૦**)

લખો— **શ્રી જૈન આત્માનંદ સભા** : ખારગેટ, **ભાવનગર.**


તંત્રી : શ્રી પોપટભાઇ રવજીભાઇ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only